અપીલ અરજી નં.૨૧૪ તા.૬–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિનોદ દલપતભાઈ પરમાર

સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ દલપતભાઈ પરમારની તા.૨૭–૭–૧૦ ની અરજીથી (૧) દાગીના નગર સોસાયટી વિભાગ ૧ અને ૨ ની મિલકતોમાં આવેલ સી.ઓ.પી. (કોમન પ્લોટ) કેટલો છે અને કઈ દિશામાં છે તેની વિગત આપવી. (૨) દાગીના નગર સોસાયટીમાં રોડ ડિવાઈડરનું કામ કેમ અટકાવવામાં આવેલ છે. તેનું કારણ? તે અંગેનું કારણ લેખીતમાં જણાવવું વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૪/૨૦૧૦–૧૧

શ્રી વિનોદ દલપતભાઈ પરમારની તા.૨૭–૭–૧૦ ની અરજીથી (૧) દાગીના નગર સોસાયટી વિભાગ ૧ અને ૨ ની મિલકતોમાં આવેલ સી.ઓ.પી. (કોમન પ્લોટ) કેટલો છે અને કઈ દિશામાં છે તેની વિગત આપવી. (૨) દાગીના નગર સોસાયટીમાં રોડ ડિવાઈડરનું કામ કેમ અટકાવવામાં આવેલ છે. તેનું કારણ? તે અંગેનું કારણ લેખીતમાં જણાવવું વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન./ટેક/૪૫૨ તા.૩૦–૮–૧૦ તથા નં.સા.ઝોન/અકણ (આરટીઆઈ)/૨૫૫ તા.૪–૧૦–૧૦ થી આપેલ માહિતી અધુરી મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૮ તા.૧૨–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં મુળ માહિતી અરજી પૈકી કયા મુદ્દાની માહિતી મળી નથી તે સ્પષ્ટ કરવા તથા અપીલમાં રજુ કરેલ તમામ મુદ્દા મુળ માહિતીને સુસંગત છે કે અલગ તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૬૦ તા.૧–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ અને અરજદારને પાઠવવામાં આવેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૫૨ તા.૩૦–૮–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો પત્રના સંદર્ભે અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૭–૭–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સુરત મહાનગપાલિકા સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) દાગીના નગર સોસાયટી વિભાગ ૧ અને ૨ ની મિલકતોમાં આવેલ સી.ઓ.પી. (કોમન પ્લોટ) કેટલો છે અને કઈ દિશામાં છે તેની વિગત આપવી. (૨) દાગીના નગર સોસાયટીમાં રોડ ડિવાઈડરનું કામ કેમ અટકાવવામાં આવેલ છે. તેનું કારણ? તે અંગેનું કારણ લેખીતમાં જણાવવું. (૩) સદર સોસા.ફુટપાથ બનાવવાનું કામ કેમ અટકાવવામાં આવેલ છે તેનું કારણ તે અંગેનું કારણ લેખિત જણાવવું. (૪) સદર સોસા.ના આજુબાજુ ટીપી ફા.રોડ ,ટીપી ( ટાઉન પ્લાનીંગ ફાયનલ રોડ કયાં અને કેટલો નીકળે છે તે અંગે કઈ મિલ્કત દબાણમાં આવે છે તેની વિગત લેખિતમાં જણાવવી. (૫) સદર સોસા.નું સરકારમાન્ય પ્લાન (નકશો મંજુર થયેલ ) આપવો. વિગતવાર માહિતી (૧) દાગીનાનગર સોસા. વિ–૧ અને ૨ નું નામકરણ સુરત ચેરીટેબલ કમિશ્નર વિભાગમાં નોંધાયેલ છે કે કેમ તેની વિગત આપવી. (૨) દાગીનાનગર સોસા. વિ–૧ અને ૨માં આવેલ બાંધકામો સને ૨૦૦૫ પછીના નવા બાંધકામોની બાંધવા માટેની સુરત મહાનગપાલિકા તરફથી આપવામાં આવતી રજાચિઠ્ઠી તથા સીઓપીમાં બાંધી દેવામાં આવેલ સોહાના સોડા અને સરબત સેન્ટરની સંપૂર્ણ માહિતી આપવી. (૩) સદર સોસા. માં સીઓપી કઈ દિશામાં આવેલ છે અને કેટલા સ્કવેર ફીટ છે જેની અંદર દુકાનો સરબતોની દુકાનો તાણી દેવામાં આવેલ છે દુકાનદારે સુહાના સોડા અને સરબાત સેન્ટરના માલિકે પોતાના નામ ઉપર દુકાન ટ્રાન્સફર કેવી રીતે અને કયા દસ્તાવેજોના આધારે સુરત મહાનગરપાલિકાને આપ્યા તેની નકલ . (૪) સને ૨૦૦૨ સુરત મહાનગરપાલિકા ધ્વારા મઢીની ખમણીથી ગુરૂનગર સોસા.ની વચમાં આવેલ ખાડી ઉપર બાંધવામાં આવેલ ઝુંપડાનું ડીમોલીશન કરવામાં આવેલ ત્યાર પછી એક મહીના બાદ પુનઃ વસવાટ સુહાના સોડા એન્ડ સબરત સેન્ટરના માલિકે કરી દીધેલ છે. સોસા.ના સીઓપી પ્લોટ કબ્જે કરી દીધેલ છે તેની લેખિતમાં વિગત આપવી. (૫) દાગીના નગર સોસા. વિ–૧ અને ૨ ચારે દિશામાં ટીપી ટાઉન પ્લાનીંગ રોડ ફાયનલ રોડ કઈ દિશામાં અને કેટલો નીકળે અને કઈ મિલ્કત દબાણમાં આવે છે તેની વિગત લેખિતમાં આપવી. (૬) સદર સોસા.ના વિ–૧ અને ૨ ની વચમાં આવેલ ગૈબનશાહ બાવાની દરગાહ પછી ફુટપાઠનું કામ કયા કારણસર અટકાવવામાં આવેલ છે તેની વિગત લેખિતમાં આપવી. (૭) સદર સોસા. વિ–૧ અને ૨ની સામે મઢીની ખમણી નજીક ચાર રસ્તા ઉપર ગોળ સર્કલ બનાવવાનું કામ કેમ અટકાવવામાં આવ્યું છે તેની વિગત લેખિતમાં આપવી. (૮) દાગીના નગર સોસા. વિ–૧ અને ૨ નું સરકારમાન્ય લે આઉટ પ્લાન સને ૨૦૦૫ પછીના બાંધકામ કરવામાં આવેલી મિલ્કતો મંજુર થયેલી હોય તેવી મિલ્કતોની સંપૂર્ણ માહિતી. તેવી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે આઈ ડી નં.સે.ઝોન/ આરટીઆઈ/૫૯ તા.૩૦–૭–૧૦ થી એડી.સીટી ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુંધાને જાહેર માહિતી અધિકારી

ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૫૨ તા.૩૦–૮–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. સંદર્ભ અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી જગ્યા દાગીના નગર સોસા. વિ–૧ અને ૨ માં આવેલ બાંધકામો સને ૨૦૦૫ પછીના નવા બાંધકામો માટે ઉધનાઝોન ખાતેથી કોઈ મંજુરી આપવામાં આવેલ નથી. તથા સુહાના સોડા એન્ડ સરબત સેન્ટરની મિલ્કત માટે ઉધનાઝોનથી વિકાસ પરવાનગીની કોઈ મંજુરી આપવામાં આવેલ નથી.મુદ્દા નં.૨ જિલ્લા વિકાસ અધિકારી ધ્વારા તા.૨૦–૬–૧૯૬૯ થી મંજુર કરેલ લેઆઉટમાં દર્શાવ્યા મુજબ દક્ષિણ દિશામાં ૧૧૪૦ ચો.મી. ગાર્ડન બાગ બગીચા માટે દર્શાવેલ છે. મુદ્દા નં.૩ દાગીનાનગર સોસા. વિ–૧ અને ૨ને લાગુ પડતા ટીપી રોડની વિગત આ સાથેના પાર્ટ પ્લાનમાં સામેલ છે. મુદ્દા નં.૪ દાગીનાનગર સોસા. વિ–૧ અને ૨ ની વચમાં આવેલ ગૈબનશાહ બાવાની દરગાહ પછી ફુટપાથનું કામ ઘણા સમય પહેલા કરવામાં આવેલ હોય દરગાહ પછી ફુટપાથનું કામ કયા કારણોસર અટકાવવામાં આવેલ તેની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જયારે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૫ તા. ૪–૧૦–૧૦ થી આકારણી સબંધેની (૧) નામફેર ફોર્મની નકલ, (૨) મ્યુ. રસીદ નં.૦૩૪૪૯૪૯ ની ઝેરોક્ષ નકલ, (૩) શ્રી જન મહંમદ કાદરભાઈ લોટાએ લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલ નંગ–૬, (૪) મહેન્દ્રભાઈ કેવલરામજી દેવાસીએ લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલ નંગ–૬ (૫) અસલપત્રકની ઝેરોક્ષ નકલ–૧, (૬) રીકવીઝેશન ફોર્મ કાઉન્ટરની ઝેરોક્ષ નકલ નંગ–૧(૭) રીકવીઝેશન ફોર્મ ઝેરોક્ષ નકલ નંગ–૧ (૮) સુધારેલ પત્રક –બ ની ઝેરોક્ષ નકલ–૧ માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૬–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરી અપીલના મુદ્દા નં.૧ થી અરજદારે પ્લોટ નં૫૧ થી ૫૪ ની સામે આવેલ કોમન પ્લોટ ઉપર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલ મિલ્કતનું કયા આકારણી અધિકારીએ નામ ટ્રાન્સફર કરી આપી સુહાના સોડા એન્ડ સરબત સેન્ટરના કબ્જેદાર સુપ્રત કરેલ છે તે અધિકારીનું નામની માહિતી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરી માંગવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૨ થી અરજદારે પ્લોટ નં.૫૧ થી ૫૪ માં આવેલ વસંત વિહાર એપાર્ટ. નું પ્લાન સ્પષ્ટ દેખાતો નથી. તેવી રજૂઆત કરેલ છે તો તે અંગે સારી નકલ પૂરી પાડવી. અપીલના મુદ્દા નં.૩ અરજદારે આપેલ જવાબના મુદ્દા નં.૪ દાગીનાનગર વિ–૧ અને ૨ ની વચમાં આવેલ ગૈબનશાહ બાબાની દરગાહ પછી જે સરકારી ફુટપાથનું કામ કયા કારણોસર અટકાવવામાં આવ્યું છે તેની માહિતી ની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ દરગાહ પછી ફુટપાથનું કામ ઘણા સમય પહેલા કરવામાં આવેલ હોઈ ફુટપાથનું કામ કયા કારણોસર અટકાવવમામાં આવેલ છે તેની માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં. ૪ થી અરજદારે અંશતઃ ડીમોલીશન કયા કારણોસર હાથ ધરાતું નથી તેવો પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. જયારે અપીલના મુદ્દા નં.૪ નો અંશતઃ પ્રશ્નમાં અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૭ દાગીનાનગર સોસા.–વિ–૧ અને ૨ ની સામે મઢીની ખમણી નજીક ચાર રસ્તા ઉપર ગોળ સર્કલ બનવવાનું કામ કેમ અટકાવવામાં આવ્યું છે તેની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તેવી માહિતી પૂરી પાડેલ નથી. ફુટપાથના કામ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા " લાંબા સમય પૂર્વેનું હોઈ દફતર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે પરંતુ તેવા દફતરના નાશ કે નિકાલની કોઈ વિગતો જણાવેલ નથી. કામ થયેલ હોય તો તેનો વર્ક ઓર્ડર અને માપની વિગતો દફતરે ઉપલબ્ધ હોય અને અટકાવવા અંગેના કારણો દફતર હોવાનું અનુમાનિત થાય જેથી તેવા દફતરનો નાશ કે નિકાલ ન થયેલ હોય તો દફતરે હોવાનું અનુમાનિત થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૭–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુળ અરજીના મુદ્દા નં.૭ થી દાગીનાનગર સોસા.વિ–૧ અને ૨ ની મઢીની ખમણી નજીક ચાર સ્તા ઉપર ગોળ સર્કલ બનાવવાનું કામ કેમ અટકાવવામાં આવેલ છે તેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા તથા પ્લાનની નકલ સ્પષ્ટ દેખાતી ન હોય દેખાય તેવી નકલ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. જયારે અરજીના મુદ્દા નં. ૬ ગૈબનશાહ બાવાની દરગાહના ફુટપાથના કામ બાબતની માહિતી અંગે બાબત હેઠળના દફતરના નાશ કે નિકાલ અંગેની હકીકતલક્ષી વિગતોથી અરજદારને અત્રેની જાણ હેઠળ અવગત કરાવવા અન્યથા તેવા દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે અપીલના મુદ્દા નં. ૧ અને મુદ્દા નં.૪ અંશતઃ ડીમોલીશનની માહિતી મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનોદ દલપતભાઈ પરમાર